पु॒ना International School
Shree Swaminarayan Gurukul, Zundal

# Class -V

# GUJARATI

# Specimen copy

# Year- 2021-22

| ક્રમ | પાઠનું નામ |
|---|---|
| | S.A-2 |
| 7 | કીડી અને કબૂતર |
| 8 | હુ છું ખાખી બાવો |
| 9 | કંઈ એકલાં ખવાય? |
| 10 | જન્મદિનની ઉજવણી |
| 11 | ફાગણિયો લહેરાયો |
| 12 | બકરીબહેન |
| 13 | બતકનું બચ્ચું |
| 14 | ઉખાણાં |

# 7 કીડી અને કબૂતર

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.

1) કબૂતરે પાણીમાં પાન શા માટે ફેંક્યું?
જ) કીડી પાણીમાં તણાઇને જતી હતી એટલે તેને બચાવવાં કબૂતરે પાન ફેંક્યું.

2) કીડી અને કબૂતરનાં રહેઠાણનાં નામ લખો?
જ) કીડી દરમાં રહે છે અને કબૂતર માળો બાંધીને રહે છે.

3) કબૂતર ક્યાં બેઠું હતું?
જ) કબૂતર ઝાડ પર બેઠું હતું.

4) કબૂતરનો શીકાર કરવા કોણ આવ્યું?
જ) કબૂતરનો શિકાર કરવા પારધી આવ્યો.

5) કબૂતરને કોણે બચાવ્યું?
જ) કબૂતરને કીડીએ બચાવ્યું.

## વ્યાકરણ

### નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

1) ઝાડ - જંગલમાં ઝાડ હોય છે.
2) પારધી - કબૂતરનો શીકાર કરવા પારધી આવ્યો.
3) કબૂતર - કબૂતર એક શાંત પંખી છે.
4) કીડી - કીડી ખુબ જ મહેનત કરે છે.

5) પાન - ઝાડની ડાળી પર પાન હોય છે.

## નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | નદી | = | સરિતા | 2) | વૃક્ષ | = | ઝાડ |
| 3) | કબૂતર | = | પારેવું | 4) | પાણી | = | જળ |
| 5) | પાન | = | પર્ણ | 6) | આભાર | = | ધન્યવાદ |
| 7) | પારધી | = | શિકારી | 8) | ચટકો | = | ડંખ |

# 8. હું છું ખાખી બાવો

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | પળ | = | ક્ષણ |
| 2) | આટો | = | લોટ |
| 3) | ખપે | = | જોઇએ |
| 4) | વૈરાગી | = | બાવો |
| 5) | મુજને | = | મને |
| 6) | મૈયા | = | માતા |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) બાવાને જમવા માટે શું શું જોઇએ છે?
જ) બાવાને જમવા માટે ખીચડી જેવો સાદો ખોરાક જોઇએ છે.

2) બા બાવાને શી આજીજી કરે છે?
જ) બા બાવાને ચીપિયો ન ખખડાવવા માટે આજીજી કરે છે.

3) વેશ હટાવી બચુ બાને શું કહે છે?
જ) વેશ હટાવી ડાહ્યો થઇને ' બા હું આવો ' એવું કહે છે.

4) બાવો મનમોજીલો બનીને શું કરવાનું કહે છે?
જ) બાવો મનમોજીલો બનીને ભગવાનનું ભજન કરવાનું કહે છે.

5) બચુ કેવી રીતે બાવો બન્યો?
જ) માથા પર જટા લગાવી અને શરીર પર ભભૂત લગાવી બચુ બાવો બન્યો.

## વ્યાકરણ

### નીચેના દરેક શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | ભભૂત | - | ભભૂત લગાવી હું બાવો બન્યો. |
| 2) | રસોઇ | - | બા રસોઇ બનાવે છે. |
| 3) | ખીચડી | - | મને ખીચડી બહું ભાવે છે. |
| 4) | સરપાવ | - | સારું કામ કરવાથી સરપાવ મળે છે. |

## નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પળ | = | ક્ષણ | 2) | ભભૂત | = | ભસ્મ |
| 3) | આટો | = | લોટ | 4) | વૈરાગી | = | સાધુ |
| 5) | સરપાવ | = | બક્ષિસ | 6) | આજીજી | = | વિનંતી |
| 7) | હમણા | = | અત્યારે | 8) | વેશ | = | પોશાક |

## નીચેના વિરોધી શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| 1) | વૈરાગી | X | સંસારી |
| 2) | ના | X | હા |
| 3) | જશ | X | અપજશ |
| 4) | ડાહ્યો | X | ગાંડો |

# 9. કંઇ એકલા ખવાય

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | સીમાડે | = | ગામને છેડે |
| 2) | કૂબો | = | ઘાસનું ઝૂંપડું |
| 3) | પીલાં | = | મરઘીનાં બચ્ચાં |
| 4) | ઉમળકો | = | ઉત્સાહ |
| 5) | ચોવટ | = | પંચાત |
| 6) | દહાડો | = | દિવસ |
| 7) | અંકુર | = | ફણગો |
| 8) | ઢૂંકવું | = | નજીક જવું |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) ઇસ્માઇલની વાડીનું વર્ણન કરો?

જ) ઇસ્માઇલની વાડી બારેમાસ લીલીછમ જ હોય. બાજરી પછી તરત જુવાર એમ ઇસ્માઇલની વાડી વખણાય.

2) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે કોને કોને પૂછી જોયું?

જ) મરઘીબાઇએ સૂંઢલ કરવા માટે લાલિયા કૂતરાને, ગલબા શિયાળા પાસે અને ડાહ્યા ડુક્કરને પૂછ્યું.

3) ડાહ્યા ડુક્કરે મરઘીબાઇને શો જવાબ આપેલો?

જ) ડાહ્યા ડુક્કરે મરઘીબાઇને કહ્યું હતુ કે, " ના રે, બાઇ ના. ખેતી વળી કેવી? આ બધા ખેતી કરે છે કોના માટે ? ખાઇપીને મજા કરો! પેટ ચોળીને શૂળ શા માટે ઊભું કરો છો?.

4) મકાઇ તૈયાર થયા પછી મરઘીબાઇએઅંતે શો વિચાર કર્યો?

જ) ડાહ્યા ડુક્કરે મરઘીબાઇને કહ્યું હતુ કે, " ના રે, બાઇ ના. ખેતી વળી કેવી? આ બધા ખેતી કરે છે કોના માટે ? ખાઇપીને મજા કરો! પેટ ચોળીને શૂળ શા માટે ઊભું કરો છો?.

### નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) મકાઇના દાણા જોઇને મરઘીને શો વિચાર આવ્યો?

જ) ઇસ્માઇલે મરઘાઘર આગળ મકાઇના દાણા વેર્યા હતાં. આ સરસ મજાનાં મકાઇના દાણા જોઇને મરઘીને થયું કે આ બધા દાણા હું ખા-ખા કરું ને દાણા હું પકવું નહિ તે કેમ ચાલે? આમ, મરઘીને મકાઇના દાણા વાવવાનો વિચાર કર્યો.

2) સૌને ખુશામત કરતાં જોઇ મરઘીના મનમાં શો વિચાર આવ્યોં?

જ) સૌને ખુશામત કરતાં જોઇ મરઘીના મનમાં વિચાર આવ્યો કે, ' મહેનતનાં ફળ લણવાનાં થયા ત્યારે સૌ વાહવાહ કરે છે'

## વ્યાકરણ

### નીચેના સમાનાર્થી શબ્દ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પ્રશંસા | = | વખાણ | 2) | મોજ | = | આનંદ |
| 3) | પરિશ્રમ | = | મહેનત | 4) | તન | = | શરીર |
| 5) | વખત | = | સમય | 6) | ભગવાન | = | ઈશ્વર |

### નીચેના વિરોધી શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| 1) | રોજ | X | ક્યારેક |
| 2) | તાજું | X | વાસી |
| 3) | અડધો | X | આખો |
| 4) | ખુશ | X | નાખુશ |

### નીચેના દરેક શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | બાગ, બગીચો, ફળઝાડનું ખેતર | = | વાડી |
| 2) | મરઘીનું બચ્ચું | = | પીલું |
| 3) | સામસામી મદદ | = | સૂંઢલ |
| 4) | લાભ મેળવવા માટે કરાતા વખાણ | = | ખુશામત |
| 5) | અનાજ ઝાટકવાનું સાધન | = | સૂપડું |
| 6) | ભૂલ માટે પાછળથી થતો ખેદ | = | પસ્તાવો |

# 10. જન્મદિનની ઉજવણી

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | પ્રિય | = | વહાલું |
| 2) | દોસ્ત | = | મિત્ર |
| 3) | પત્ર | = | કાગળ |
| 4) | હોલવવું | = | બુઝાવવું |
| 5) | અભિનંદન | = | ધન્યવાદ |
| 6) | પ્રણામ | = | નમન |

નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

**1) આ પાઠમાં કોના જન્મદિનની ઉજવણી કરવામાં આવી?**
**જ) આ પાઠમાં મેઘાના જન્મદિનની ઉજવણી કરવામાં આવી.**

**2) મેઘાએ જન્મદિવસ ક્યાં ઊજવ્યો?**
**જ) મેઘાએ જન્મદિવસ પોતાની શાળામાં ઊજવ્યો.**

**3) ગુરુજીએ મેઘાને ભેટમાં શું આપ્યું?**
**જ) ગુરુજીએ મેઘાને ભેટમાં એક પુસ્તક આપ્યું.**

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

**1) મેઘાએ ફોન કરવાને બદલે પત્ર લખવાનું કેમ પસંદ કર્યું?**
**જ) મેઘાએ વિચાર્યું કે ફોન પર કરેલી વાતો ભૂલાઇ જાય છે, જ્યારે લખેલું તો વારંવાર વાંચી શકાય અને આનંદ મેળવી શકાય છે. આમ વિચારી મેઘાએ ફોનને બદલે પત્ર લખવાનું વિચાર્યું.**

**2) મેઘાએ જન્મદિન શાળામાં કેવી રીતે ઊજવ્યો?**
**જ) મેઘાના મિત્રોએ તોરણ, ફુગ્ગા અને ધજાપતાકા વડે રૂમને શણગાર્યો. ઓમ અને મૈત્રીએ કાળા પાટિયા પર 'મેઘાને જન્મદિનના ખૂબ ખૂબ અભિનંદન' લખ્યું. વર્ગશિક્ષક મિનેષભાઇએ વર્ગમાં આવી પાટીયા પરનું લખાણ વાંચી મેઘાને અભિનંદન પાઠવ્યા. આખો વર્ગ ' હેપ્પી બર્થ ડે ટુ મેઘા' બોલ્યો. મિનેષભાઇએ મેઘાને એક પુસ્તક ભેટ આપ્યું અને મેઘાનું મો સાકરથી મીઠું કરાવ્યું. પછી મેઘાએ બધાને સાકર વહેચી. આ રીતે મેઘાએ જન્મદિનની ઉજવણી કરી.**

## <u>વ્યાકરણ</u>

### નીચેના શબ્દમાં કેવી, કેવો, કેવું ઉમેરી શબ્દજોડ બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | કેક | = | કેવી |
| 2) | ટોપી | = | કેવી |
| 3) | કાગળ | = | કેવો |
| 4) | તોરણ | = | કેવું |
| 5) | ફુગ્ગો | = | કેવો |
| 6) | ચીકું | = | કેવું |
| 7) | પુસ્તક | = | કેવું |
| 8) | હાથી | = | કેવો |

### નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | અવાજ | = | નાદ | 2) | પત્ર | = | કાગળ |
| 3) | નિશાળ | = | શાળા | 4) | અભિનંદન | = | ધન્યવાદ |
| 5) | પ્રણામ | = | નમસ્કાર | 6) | રાહ | = | વાટ |

### નીચેના  શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પ્રિય | X | અપ્રિય | 2) | દોસ્ત | X | દુશ્મન |
| 3) | આજે | X | કાલે | 4) | શુભ | X | અશુભ |

# પાઠ- 12 બકરી બહેન

**શબ્દાર્થ**

| | | | |
|---|---|---|---|
| 1) | ટોપરું | = | કોપરું |
| 2) | ભીંતલડી | = | દિવાલ |
| 3) | દાંડા | = | શેરડીનાં સાંઠા |
| 4) | છાયા | = | ઢાંકેલા |
| 5) | છાનામાના | = | ચૂપચાપ |

**સાહિત્ય**

## નીચેના પ્રશ્નોનાં જવાબ એક વાક્યમાં લખો.

1) બકરીબહેન ક્યાં જઇને બેઠાં ?
જ) બકરીબહેન રસ્તા પર જઇને બેઠા.

2) બકરીબહેન રસ્તા વચ્ચે જઇને શા માટે બેઠા?
જ) બકરીબહેનને ઘર બાંધવું હતુ. તે માટે ચીજ વસ્તુઓ જોઇતી હતી. તેથી તે રસ્તા વચ્ચે જઇને બેઠા.

3) રસ્તા પર પ્રથમ કોણ આવ્યુ?
જ) રસ્તા પર પ્રથમ શેરડીના ગાડાવાળો આવ્યો.

4) બકરીબહેને ગાડાવાળાને શો ઠપકો આપ્યો?
જ) બકરીબહેને ગાડાવાળાને કહ્યું કે મને બકરી નહી પણ બકરીબહેન કહેવાનું.

5) કોઇ બારણું ખખડાવે તો બચ્ચાં શું કહેતા?
જ) કોઇ બારણું ખખડાવે તો બચ્ચાં કહેતા કે કોણ બારણાં ખખડાવે છે?.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) બકરીબહેને ઘર કેવી રીતે તૈયાર કર્યું?
જ) બકરીબહેને ગોળની ભીંતો બનાવી. શેરડીના દાંડા કર્યા. છાપરા ઉપર ટોપરાની વાટકીઓના નળિયાં બનાવ્યા. આ રીતે બકરીબહેને સરસ ઘર બનાવ્યું.

2) બકરીબહેન શું બોલે તો બચ્ચાં બારણાં ખોલતા હતાં?
જ) બકરીબહેન આવું બોલતાં : ગોળ કેરી ભીંતલડી ને શેરડી કેરા દાંડા, ટોપરીએ ઘર છાયાં, બચ્ચાં બારણાં ઉઘાડો. તે પછી જ બચ્ચાં બારણાં ખોલતાં હતાં.

3) વાઘે બારણાં ખખડાવ્યાં છતાં બચ્ચાઓએ બારણા કેમ ન ઉઘાડ્યા?
જ) બકરીબહેનના ગયા પછી વાઘ આવ્યો. તેણે બારણા ખખડાવ્યાં.અંદરથી બચ્ચાઓએ પૂછ્યું : કોણ છો ? પરંતુ વાઘને બકરીબહેન જેવું બોલતા ન આવડ્યુ એટલે બચ્ચા સમજી ગયા કે મા નથી આવી. એટલે તેમને બારણા ન ઉઘાડ્યા.

## <u>વ્યાકરણ</u>

## નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સુંદર | = | રૂપાળું | 2) | ઘર | = | મકાન |
| 3) | ભૂલ | = | કસૂર | 4) | છાનામાના | = | ચૂપચાપ |

## નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | આપવું | X | લેવું | 2) | ઊઠવું | X | બેસવું |
| 3) | રાજી | X | નારાજ | 4) | અંદર | X | બહાર |

## નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | શેરડીના સાંઠા | = | દાંડા |
| 2) | ટાઢ, તાપ અને વરસાદથી બચવા મકાન ઉપર કરેલું ઢાંકણું | = | છાંપરું |

# 13  બતકનું બચ્ચું

**શબ્દાર્થ**

| | | | |
|---|---|---|---|
| 1) | વહાણ | = | નાવ |
| 2) | કાંઠો | = | કિનારો |
| 3) | ખાબોચિયું | = | પાણીથી ભરેલો ખાડો |
| 4) | અમથું | = | નકામું |
| 5) | વાવ | = | પગથિયાવાળો કૂવો |

**સાહિત્ય**

## નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.

1) બતકની માં શું ઇચ્છ્તી હતી ?
જ) બતકની મા તેનું બચ્ચું પાણીમાં તરતા શીખે એવું ઇચ્છતી હતી.

2) બચ્ચાને કોને ધક્કો માર્યો?
જ) બચ્ચાને તેના બાપાએ ધક્કો માર્યો.

3) બતકની મા બચ્ચાને પ્રથમ કયાં લઇ ગઇ?
જ) બતકની મા બચ્ચાને પ્રથમ નદીએ લઇ ગઇ.

4) બતકનાં બચ્ચાએ શાની જીદ કરી?
જ) બતકના બચ્ચાએ પાણીમાં ન તરવાની જીદ કરી.

5) નદી કેવી હતી?
જ) નદી મોટી હતી.

6) બચ્ચાને તરતુ જોઇને બાપાએ શું કર્યુ?
જ) બચ્ચાને તરતું જોઇને બાપાએ શાબાશી આપી.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) બતકની મા શાથી મૂંઝાઇ ગઇ?
જ) બતકનું બચ્ચું તરવાની ના પાડતું હતુ. બચ્ચાએ નદીમાં, તળાવમાં, ખાબોચિયામાં અને . વાવમાં તરવાની ના પાડી તેથી તેની મા બોલી કે બતકનું બચ્ચું તરે નહિ તે કેમ ચાલે? મરઘીના બચ્ચા ચાલે અને ચકલીનાં બચ્ચા ઊડે. બતકના બચ્ચા તો તરે જ. આમ બતકની માં મૂંઝાઇ ગઇ.

2) બતકની માં બચ્ચાને ક્યાં તરવા લઇ ગઇ?
જ) બતકની માં બચ્ચાને પ્રથમ નદીએ તરવા લઇ ગઇ. ત્યારબાદ તળાવમાં અને ત્યારબાદ ખાબોચિયામાં અને છેલ્લે વાવમાં તરવાં લઇ ગઇ.

3) છેવટે બચ્ચાએ ક્યાં ક્યાં તરવાની મજા માણી?
જ) બચ્ચાએ પ્રથમ વાવમાં તરવાની મજા લીધી. પછી તે મા સાથે ખાબોચિયા પાસે ગયું અને તેમાં તર્યું. પછી તે તળાવ પાસે ગયુ અને છેલ્લે તે નદીકિનારે ગયું અને ત્યાં તેને તરવાની મજા લીધી.

## <u>વ્યાકરણ</u>

## નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મા | = | માતા | 2) | પાણી | = | જળ |
| 3) | ફૂલ | = | પુષ્પ | 4) | મજા | = | આનંદ |

## નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | તરવું | X | ડૂબવું | 2) | થોડું | X | વધારે |
| 3) | ઊંડું | X | છીછરું | 4) | અંધારુ | X | અજવાળું |

## નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

| | | | |
|---|---|---|---|
| 1) | પાણીથી ભરેલો ખાડો | = | ખાબોચિયું |
| 2) | ધૂળ, માટીમાં પાણી મળીને બનતો ગારો | = | કાદવ, કીચડ |
| 3) | પગથિયાવાળો કૂવો | = | વાવ |

# 14 ઉખાણાં

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | ફોટો | = | તસવીર |
| 2) | પ્રકાશ | = | અજવાળું |
| 3) | ભેદ | = | રહસ્ય |
| 4) | પવન | = | વાયરો |
| 5) | ગગન | = | આકાશ |
| 6) | બાળ | = | બાળક |
| 7) | શરીર | = | તન |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.

1) કોણ વગર દોરડે વાતો કરે છે અને ફોટા પાડે છે ?
જ) મોબાઇલ વગર દોરડે વાતો કરે છે અને ફોટા પાડે છે.

2) પોતાની જાતને બાળીને સૌને અજવાળું કોણ આપે છે?
જ) પોતાની જાતને બાળીને સૌને અજવાળું મીણબત્તી આપે છે.

3) પતંગને કેટલા ખૂણા હોય છે?
જ) પતંગને ચાર ખૂણા હોય છે.

4) પાંચમાં ઉખાણાંમાં ઊંટની સરખામણી કયા ઝાડ સાથે કરવામાં આવી છે?
જ) પાંચમાં ઉખાણાંમાં ઊંટની સરખામણી તાડના ઝાડ સાથે કરવામાં આવી છે.

5) કાચબાની પીઠ કેવી હોય છે?
જ) કાચબાની પીઠ ગોળ અને કઠણ પથ્થર જેવી હોય છે.

### નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ઉખાણાના આધારે ઢોલક વિશે જણાવો.
જ) ઢોલકની બંને બાજુઓ ચામડાનાં પડથી ઢંકાયેલી હોય છે અને વચમાં તે પોલું હોય છે. ઢોલકના ચામડાના પડ પર દાંડી મારતાતે ધમ – ધમ એવો અવાજ કરે છે.

2) મીણબતીની વિશેષતા કઇ કઇ છે?

જ) મીણબતી બધાને અજવાળું આપે છે. તે ધીમે ધીમે બળે છે.તે પોતાનો પ્રકાશ આપીને બીજાને રાજી કરે છે. આ બધું તે પોતાની જાતને બાળીને કરે છે. 3) છેવટે બચ્ચાએ ક્યાં ક્યાં તરવાની મજા માણી?

## <u>વ્યાકરણ</u>

## નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ફોટો | = | તસવીર | 2) | રાજી | = | ખુશ |
| 3) | ઘર | = | મકાન | 4) | પાન | = | પર્ણ |

## નીચેના શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | નાના | X | મોટા | 2) | ધીમે | X | ઝડપી |
| 3) | કઠણ | X | નરમ | 4) | આખું | X | અડધું |

## નીચેના શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

| | | | |
|---|---|---|---|
| 1) | ડુંગર | = | અમારા ગામની નજીક એક ડુંગર આવેલો છે. |
| 2) | લીમડો | = | લીમડો સ્વાદમાં કડવો હોય છે |
| 3) | જટા | = | બાવાઓના માથે જટા હોય છે. |